# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૦૬–૧૦–૨૦૦૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ફોરેન ટ્રેડ પોલિસી ના વિશ્લેષણ અંગે વર્કશોપ યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને વાડીલાલ ફોરેક્સ ડીવઝનના સંયુકત ઉપક્રમે ફોરને ટ્રેડ પોલિસી – નવી પોલિસી ૨૦૦૯:૨૦૧૪ ના વિશ્લેષણ અંગે એક વર્કશોપનું આયોજન આજરોજ ચેમ્બરમાં કરવામાં આવ્યું હતું. આવર્કશોપમાં મુખ્ય વકતા તરીકે એકઝીમ ઈન્સ્ટીટયુ, મુંબઈના ડાયરેકટર શ્રી સુધાકર કસ્તુરે ઉપસ્થિત રહયા હતા.

પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળાએ ઉપસ્થિત મહાનુભવોનું સ્વાગત કરતા જણાવ્યુ હતુ કે, કોઈપણ દેશનુ પ્રગતિનુ માપદંડ તેનું વિદેશ વેપાર હોય છે અને તે વિદેશી હુંડીયામણ કમાવવાનું મુખ્ય સાધન હોઈ દેશના બેલેન્સ ઓફ પેમેન્ટમાં ખૂબજ અગત્યની ભુમિકા ભજવે છે. ભારતનું વિદેશ વેપાર છેલ્લા પાંચ વર્ષથી ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહયો છે. સન ૨૦૦૩–૦૪ માં ૬૩ બીલીયન ડોલર થી વધીને ૨૦૦૮–૦૯ માં તે ૧૬૮ બીલીયન ડોલરનો આંક વટાવી ગયો છે. આ એક ખૂબજ મહત્વની બાબત છે.

વિશ્વ વેપારમાં ભારતની નિકાસમાં વધારો થયો છે. નિકાસ વધવાથી નવી રોજગારની તકો પણ ઉભી થયેલ છે. આમ છતા ચાઈના અને અન્ય દેશોની સરખામણીમાં આપણે હજુ ઘણુ કરવાનં બાકી છે.

વેપાર અને ઉદ્યોગને નિકાસ વધારવા માટે ઘણા બધા પ્રયાસો જરૂરી છે અને તેમાં ગુણવત્તા અને સમયસર ઉત્પાદનો નિકાસ બજારમાં મુકવા અને ઉત્પાદનો આપ્યા પછી તેની અફટર સેલ્સ ગેરેંટી અને સર્વિસીઝ ઉપર ખૂબજ કાળજી રાખવી જોઈએ. આવનાર સમયમાં નિકાસ ક્ષેત્રે ખેત ઉત્પાદનો પર ખૂબજ અગત્યનો

ભાગ ભજવવાના છે જેમાં આપણે સૌએ આપણી ભુમિકા ખૂબજ ખંતથી ભજવવાની રહેશે. અન્ય જે ક્ષેત્રો નિકાસમાં વિશેષ યોગદાન આપી શકે તેમ છે, તેમાં મરીન સેકટર, જેમ્સ અને જવેલરી સેકટર, લેધર સેકટર, ફાર્માશ્યુટીકલ, હેન્ડલુમ સેકટર તેમજ બિલ્ડીગ કન્સ્ટ્રકશન અને શીટ મેટલ ફેબ્રીકેશનની અગત્યનુ ફાળો રહેશે. આ સંદર્ભમાં નિષ્ણાંત વકતાશ્રીનુ માર્ગદર્શન ખૂબજ ઉપયોગી નિવડશે.

વાડીલાલા એન્ટરપ્રાઈઝીસ લી. ના પ્રેસીડેન્ટ શ્રી આસ્પી ભરૂચાએ ઉપસ્થિત વકતાશ્રીનો પરિચય આપ્યો હતો.

એકઝીમ ઈન્સ્ટીટયુ, મુંબઈના ડાયરેકટર શ્રી સુધાકર કસ્તુરેએ પોતાના વકતવ્યમાં ફોરેન ટ્રેડ પોલિસી અંગે છણાવટ કરતા જણાવ્યું હતુ કે, સરકારશ્રીની નવી પોલિસી નિકાસ ઉદ્યોગકારોને પ્રોત્સાહકરૂપ છે તેમ છતા અમુક ચેપ્ટરો અને નોટીફીકેશન મુજબ ડયુટીઓમાં વધઘટ થઈ છે, એમ સરકારે બેલેન્સ જાળવી રાખ્યુ છે. સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને લાગુ પડે છે તેમાં જે ઉદ્યોગકારોએ ટફની સ્કિમનો લાભ લીધો હોય તેઓને ફોરેન ટ્રેડ પોલિસી હેડળ લાભ મળશે નહી. તેઓ માત્ર ગમે તે એક સ્કિમનો લાભ લઈ શકશે.

વધુમાં તેમણે ફોરેન ટ્રેડ પોલિસીના ચેપ્ટર ૧ થી ૬ ના વિવિધ પાસાઓની વિસ્તૃત છણાવટ કરી હતી સાથો સાથ તેમણે માનનીય વાણિજયમંત્રીશ્રીના ઉદબોધનનો ઉલ્લેખ કરીને એક્ષ્પોર્ટ વધારવા પર ભાર મુકયો હતો. તેમણે સરકારની વિવિધ સ્કિમો, રિવોર્ડ સ્કિમ, ટાઉન ઓફ એક્ષ્પોર્ટસ એકસલન્સ જેવા પાસાઓની પણ જાણકારી આપી હતી. આઈ.ઈ.સી. કોડ માટે રિજીયોનલ કાર્યાલયને બદલે ડી.જી.એફ.ટી. માં અરજી કરવાનુ સુધારો આવ્યો છે તેની જાણકારી આપી હતી. ગ્રીન ટેકનોલોજી અંગે પણ મળતા લાભો અંગેની જાણકારી આપી હતી. ડેમેજીસ લોસ તેમજ શીપમેન્ટમાંથી એર ટ્રાન્સપોર્ટેશન ધ્વારા માલ મોકલ્યો હોય તો શુ કાર્યવાહી કરવી પડે તેની પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

મોટી સંખ્યામાં વેપાર ઉદ્યોગના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને તેમને મુંઝવતા પ્રશ્નોનુ નિરાકરણ મેળવ્યુ હતુ.

અંતમાં વાડીલાલા એન્ટરપ્રાઈઝીસ લી. ના પ્રેસીડેન્ટ શ્રી આસ્પી ભરૂચાએ આભારવિધી આટોપી હતી.